	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૦૭/૦૩/૨૦૨૨ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૪૩૫/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૨	૦	૧૦૦૬૮૨	૧૦૯૫૮૧	૦	૧૦૯૫૮૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૩	૪,૧૩,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૨	૫૨,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૩૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૫૦ લીટર દેશી દારૂ અને ૧૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૧૩ ક્વાટર્સ ઇંગ્લીશ દારૂ, ૧૨૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૫,૬૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૩૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૪૩૮/૨૦૨૨**

વેજલપુરઃ મોહંમદ સોહેલ સ/ઓ રહીમુદ્દીન કુરેશી (ઉ.વ.૪૦) (રહે. કેતકી સોસાયટી શાંતિનિકેતન સ્કુલની બાજુમાં સોનલ રોડ જુહાપુરા) એ તા.૦૬/૦૩/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૩/૨૦૨૨ સવારના ૭/૩૦ થી તા.૦૬/૦૩/૨૦૨૨ સવારના ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જુહાપુરા યુનાઈટેડ ફ્લેટની ગુલમહોર સોસાયટી ખાતે પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, ટાઈટન કંપની ઘડિયાળ નંગ-૨ કિમત રૂપિયા ૬૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

સરદારનગરઃ રતીલાલ સાકાભાઇ પટેલ (રહે. આજનેયકૃપા સોસાયટી કુબેરનગર સરદારનગર) એ તા.૦૬/૦૩/૨૦૨૨ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૩/૨૦૨૨ સાંજના ૫/૩૦ થી તા.૦૬/૦૩/૨૦૨૨ કલાક ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરદારનગર કુબેરનગર ભાગ્યોદય સોસાયટી વિભાગ-૩ ખાતે રહેતા રતીલાલ પટેલના મિત્રના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના-ચાંદીના દાગીના અને ચાંદીના સીક્કા તેમજ રોકડ રૂપિયા ૬૫,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૩,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.દરજી ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ મહેશભાઈ રમણભાઈ ઠાકોર (રહે. નારણજી પેરાજ ટ્રાન્સપોર્ટ ઓફીસની ઉપર બીએસએનએલ ટેલીફોન ઓફીસ સામે બોમ્બે કંડક્ટર રોડ જીઆઈડીસી વટવા) એ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૩/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૦૬/૦૩/૨૦૨૨ સવારના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંકના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૪૩૯/૨૦૨૨**

જીઆઈડીસી વટવાઃ રોશની વા/ઓ ઇન્દ્રેશ યાદવ (ઉ.વ.૨૪) (રહે. હનુમાનનગરનો ટેકરો જશોદાનગર) જીઆઈડીસી વટવા ફેઝ-૦૧ માં આવેલ ગુજરાત ફાઉન્ડ્રીઝ કંપનીના કમ્પાઉન્ડમાં મજુરી કામ કરતા હતા ત્યારે તા.૦૬/૦૩/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા કાસ્ટીંગ આયર્નનો ગઠ્ઠો તેમના ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૪૦/૨૦૨૨**

સાબરમતીઃ હરિશભાઇ બાબુલાલ સોની (ઉ.વ.૫૨) (રહે. શુકન સ્માઇલ સીટી બલોલનગરબ્રીજ પાસે ન્યુ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૩/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને શાહીબાગ શ્રી ભારતી વલ્લભ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૩/૨૦૨૨ કલાક ૩/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

કાલુપુરઃ વિક્રમભાઇ મફતલાલ શાહ (ઉ.વ.૪૬) (રહે. કોટન ચાલ પાંજરાપોળ રીલીફ રોડ કાલુપુર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૩/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મછાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.